જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૧/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૫૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૯૦ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧,૭૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૬૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૬૧/૨૦૨૫**

ક્રાઈમ બ્રાન્ચઃ ચિરાગ દિલીપભાઈ પારેખ (ઉ.વ.૩૬) (રહે. પ્રાર્થના રેસીડેન્સી વંદેમાતરમ રોડ ગોતા) એ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન દિલ્હી દરવાજા ચાર રસ્તા બી જી ટાવર ખાતે આરોપી (૧) અંકુર ગોપાલભાઈ પટેલ (ઉ.વ.૪૦) (રહે. આશિર્વાદ સોસાયટી ડભોઈ જી–વડોદરા, આર.ટી.ઓ.ના એજન્ટ તરીકે કામ કરતા (૨) રાકેશ કનૈયાલાલ પટેલ (ઉ.વ.૪૫) (રહે. એકદંત સોસાયટી વડદલા આર.ટી.ઓ. નજીક એ.પી.એમ.સી.માર્કેટ ભરૂચ) નાઓએ ભેગા મળી EONE SOLAR ENERGY PVT.LTD. અને BULL BELL એકાડમીની વર્કીંગ પેટર્ન બતાવી પોતે ફોરેક્સ ટ્રેડીંગ તથા રોબોટ સોફ્ટવેર બનાવવામાં તથા ક્રિપ્ટો કરન્સી લેણ–દેણ કરવામાં નિષ્ણાત છે તેમજ FOREX ટ્રેડીંગના બ્રોકર છે અને VP FX અને EONE FX ના માલીક છે જે મેટાટ્રેડર–૪ અને મેટાટ્રેડર–૫ ઉપર કામ કરે છે. કંપનીમા રોકાણ કરવાથી ખુબજ ગ્રોથ અને પ્રોફીટ થાય છે, જેમાં રોકાણ કરશો તો ૧ થી ૧૦ ટકા ની રકમ દર મહીને નફા તરીકે આપવાનુ કહીને ચિરાગ પારેખ પાસેથી રૂપિયા ૩,૬૬,૯૪,૯૪૩/– તથા ચિરાગ પારેખના મિત્રો પાસેથી રૂપિયા ૧,૦૧,૭૭,૨૨૦/– મળી કુલ રૂપિયા ૪,૬૮,૭૨,૧૭૩/– રોકાણ કરાવી આજદિન સુધી મુડીની રકમ તેમજ તેના નફાની રકમ નહી આપી નાસી જઈ વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાંચ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઈ.શ્રી પી.કે.ગોહીલ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ નયનભાઈ મનવતરાય યાજ્ઞીક (ઉ.વ.૫૫) (રહે. આનંદ આઈ લાઈફ ત્રાગડ અંડરબ્રીજ પાસે ચાંદખેડા) એ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૫ થી તા.૧૨/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી વોટસેપ નંબર ૭૫૬૭૫૭૬૬૦૭૫ ના ધારક રાજ નામની વ્યક્તિ તથા મોબાઈલ નંબર ૯૯૯૮૮૬૭૩૬૬ ના ધારક પરીમલ પરમાર તેમજ વોટસ એપ નંબર ૮૬૪૭ ૯૮૩૬૩૬ ના ધારક સુકમયા નામની વ્યક્તિએ નયનભાઈ યાજ્ઞીકને ફોન કરી એક્સીસ બેન્કના લોન વિભાગમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી નયનભાઈ યાજ્ઞીકને લોન મંજુર કરાવી આપવાની લાલચ આપી લોનની પ્રોસેસ માટે નયનભાઈ યાજ્ઞીક તથા નયનભાઈ યાજ્ઞીકના પત્નીના બેન્ક ખાતા નંબર સાથેની વિગતો મેળવી લઈ નયનભાઈ યાજ્ઞીક તથા નયનભાઈ યાજ્ઞીકના પત્નીના બેન્ક ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૫,૮૪,૫૦૫ /– તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૬૬૨/૨૦૨૫**

વટવાઃ મોહમ્મદઇસ્માઇલ સ/ઓ અબ્દુલસતાર અંસારી (રહે. તાજ રેસીડેન્સી અલ્લાહમા મસ્જીદ પાછળ બીબી તળાવ વટવા) એ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે રહેણાંકના પાર્કીંગમાંથી એમજી કંપનીની હેક્ટર કાર નંબર જીજે ૦૧ કેએક્સ ૦૧૨૬ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૬૬૩/૨૦૨૫**

સાબરમતીઃ સૌરભ મદનભાઈ નાઈ (ઉ.વ.૨૪) (રહે. સમૃધ્ધી એપાર્ટમેન્ટ ટોરેન્ટ પાવર હાઉસ લાઈટ બીલ ઓફીસની બાજુમાં સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૫ બપોરના ૦૩/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

મેઘાણીનગરઃ અભિષેક દીપકકુમાર કોષ્ટી (ઉ.વ.૨૫) (રહે. ધુપસિંગની ચાલી અસારવા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૧/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી એરુણકર ચલાવે છે.

વટવાઃ બિરેન વાડીલાલ શાહ (ઉ.વ.૫૭) (રહે. મુરલીધર સોસાયટી–૦૩ ગેબનસા કેનાલ પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૧/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે બન્ને હાથની કલાઈ પર ધારદાર વસ્તુથી નસ કાપતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી